# અહો આ પાઠશાળામાં !

સરલ શબ્દો સરે કેવું અહો આ પાઠશાળામાં !
અમી સરીખું ઝરે કેવું અહો આ પાઠશાળામાં !

હતું જે સ્થૂલ ને ગાઢું ક્ષણોમાં સૂક્ષ્મ થઈ જઈને -
હળુ અચરજ ધરે કેવું અહો આ પાઠશાળામાં !

વિનતભાવે અહીં આવી ઝૂકેલાં મસ્તકો ઉપર -
વરદ કર જો ફરે કેવું અહો આ પાઠશાળામાં !

ચમકતું ને ચળકતું મન અદીઠાં રેશમી સૂત્રે -
પરોવાતું અરે કેવું અહો આ પાઠશાળામાં !

બધાં બંધન ઉખેળીને, સરળ ગૂંચો ઉકેલીને
હયાતી વિસ્તરે કેવું અહો આ પાઠશાળામાં !

થઈને સાવ ખાલીખમ પલાંઠી વાળી જે બેઠાં,
અખેપાતર ભરે કેવું અહો આ પાઠશાળામાં !

ત્રિવિધ તાપે બળેલી ને ઝળેલી ચિત્તભૂમિ પર,
કૃપાળુ ઝરમરે કેવું અહો આ પાઠશાળામાં !

- કવિ શ્રી રાજેન્દ્ર શુક્લ
પાઠશાળા ગ્રંથ ૧ ની પ્રસ્તાવના

# તું તારું સંભાળ

નિશાળના વર્ગમાં છઠ્ઠા ધોરણની ગણિતની પરીક્ષાના પ્રશ્નપત્રો વહેંચાયા. ઉત્તરવહીનાં પાનાં ફરતાં હતાં એનો અવાજ પણ સંભળાય એવી નીરવ શાંતિ છવાયેલી હતી. પ્રશ્નપત્રોના પ્રશ્નો સમજવામાં અને એના ઉત્તર મનમાં ગોઠવવામાં વિદ્યાર્થીઓ પરોવાયેલાં હતાં. ઊંચું જોવાની કોઈને ફુરસદ ન હતી.

બાસઠ વિદ્યાર્થીઓમાં એક એવો હતો કે જે ચોતરફ મોં ફેરવીને અન્ય વિદ્યાર્થીઓને જોયા કરતો ! કોઈ વિદ્યાર્થી ઉત્તર શોધવાની મથામણમાં માથું ખંજવાળી રહ્યો હતો; કોઈ ઉત્તર લખતાં પહેલાં પેનમાં આવેલી વધારાની શાહી માથાના વાળ સાથે ઘસતો...

...આમ આજુબાજુ જોતાં, એણે પણ જરા-તરા લખવાનું શરૂ કર્યું, ત્યાં કોઈ છોકરો પોતાના બુટથી પાટલીને ઠપકારી તાલ આપતો હતો તે તરફ ધ્યાન ગયું. એની બાજુનો છોકરો પોતાના ચશ્મા કાઢી, ખમીસની ચાળથી સાફ કરતો હતો એ પર નજર પડી. આગળના વિદ્યાર્થીએ, પ્રશ્ન ન સમજાતાં, બાજુનાને પૂછવા લાગ્યો, 'હમણાં વાત ન કર મને લખવા દે' એમ એને જવાબ મળ્યો.

આ બધું જોવામાં ઘણો સમય વીતતો ગયો. ખાસ કાંઈ લખાયું પણ નહીં. એટલામાં પરીક્ષક મહાશયે જાહેર કર્યું : હવે પંદર મિનિટ બાકી રહી છે. ચીવટવાળા વિદ્યાર્થીઓ પોતપોતાની ઉત્તરવહી આપીને ચાલવા પણ લાગ્યા. તે બધાને પણ આ વિદ્યાર્થી રસપૂર્વક જોતો રહ્યો ! કોણે કેવું શર્ટ પહેર્યું છે, કોણે કેવી રીતે વાળ ઓળ્યા છે, કોણે કેવા પગરખાં પહેર્યા છે તેનું જ નિરીક્ષણ કરતો રહ્યો. સમય વહેતો રહ્યો...
'બધા ઉત્તરવહી આપી દો. સમય પૂરો થયો.' શિક્ષકે જાહેર કર્યું. બાકીના વિદ્યાર્થીઓ બહાર નીકળી ગયા ત્યારે પેલો વિદ્યાર્થી 'ઓહો ! મારે તો ઉત્તરો લખવાના બાકી રહી ગયા !' એમ અફસોસ કરતો ઝટપટ ઉતાવળે ઉતાવળે લખવા લાગ્યો, પણ એટલામાં તો શિક્ષક ખુદ એની પાસે આવીને ઉત્તરવહીના પાનાં લઈ લે છે. પેલો વિદ્યાર્થી કાલાવાલા કરી કહે છે : પ્લીઝ, થોડો વખત આપોને સર ! થોડી વારમાં બધુ લખી લઈશ. શિક્ષક કશું સાંભળ્યા વિના, એની અધૂરી ઉત્તરવહી લઈ લે છે વિદ્યાર્થીને વર્ગ બહાર જવાની ફરજ પાડે છે.

વીલા મોઢે અને લથડતા પગે એ બહાર નીકળ્યો. બધા મિત્રો એકબીજા સાથે મળીને પોતપોતાના ઉત્તરોની ચકાસણી કરી રહ્યા હતા જ્યારે આ વિદ્યાર્થી એકલો અટૂલો મૂંગા જોતો રહ્યો. પરિણામ શું આવ્યું હશે એની તો કલ્પના આપણે કરી શકીએ.

આપણે પણ આ સંદર્ભમાં વિચારવાનું છે. **આપણો મનુષ્યભવ એ પરીક્ષાનો પિરિયડ છે. સંસાર એ વર્ગ છે. આપણે ઉત્તરો આપવાના છે.** પ્રશ્નો તો સામે જ પડ્યા છે. જો આ માણસ શું કરે છે અને પેલો શું કરે છે; આણે આમ કેમ કર્યું, આણે આમ ન કર્યું હોત તો સારું હતું વગેરે **અર્થહીન અને અનધિકૃત પંચાતમાં શક્તિ કે સમયને ન વેડફીને જ્યારે આપણો પિરિયડ પૂરો થાય ત્યારે આપણી તૈયાર ઉત્તરવહી આપીને જવાનું છે.** કવિ કરસનદાસ માણેકની પંક્તિઓ યાદ આવે છે:

**આ થયું હોત ને તે થયું હોત,**
**ને જો પે’લું થયું હોત;**
**અંત સમયે એવા અરતડાની હોય ને ગોતાગોત,**
**હરિ હું તો માંગું છું એવું મોત.**

જીવનમાં આ રહી ગયું અને તે રહી ગયું. મારે તો આ કામ કરવું જ હતું અને પે’લું કામ કર્યા વિના ચાલે તેમ જ ન હતું. - આવો વ્યર્થ અને વાંઝિયો બળાપો નકામો ગણાશે.

**દુનિયાની પારકી પંચાત છોડી, મારા ભાગે આવેલું કામ તે મારો પ્રશ્નપત્ર. એનાં ઉત્તરો હું પ્રમાણિકતાથી, જાતનિષ્ઠાથી આપી દઉં;** મારાથી બનતું બધું મેં કર્યું છે, કશી અંચઈ નથી કરી. મારો ચોપડો ખુલ્લો છે. હવે મૃત્યુને આવવું હોય તો આવે, મને મૃત્યુનો ડર નથી. મારા માટે મૃત્યુ પણ મહોત્સવ છે.

**પોતાનું સંભાળી, પોતાના કામમાં ડૂબેલા રહીને આપણે આપણા મનુષ્યભવના પેપરને સારી રીતે લખીને, આપીને, સંતોષપૂર્વક અહીંથી જઈએ** તો આપણને અખૂટ શાંતિ અને સમાધાન મળશે. એમાં જ આપણા આ ભવની સાર્થકતા છે.

**તું તારું સંભાળ, અંતરને અજવાળ;**
**પરિહર પર જંજાળ, થોડો છે તુજ કાળ...**
**જુગનો એહી જ ચાલ, મોટાભાગે બાલ;**
**કાજળ ઘસતાં ગાલ, તું તારું સંભાળ...**
**રીઝ્યા આપે બાળ, ખીજ્યા આપે ગાળ;**
**ખિણ રંક ને ખિણ ન્યાલ, તું તારું સંભાળ.**

**- પરમ પૂજ્ય આચાર્યશ્રી પ્રદ્યુમ્નસૂરિજી મહારાજ**
**પાઠશાળા અંક ૦૫**

# અંતઃકરણનું મૌન પ્રભુનું સિંહાસન છે

**શબ્દના અર્થને સીમા છે. મૌનના અર્થ અનંત છે.** શબ્દ પહેલાંનું ય મૌન હોય છે; શબ્દ પછીનું ય મૌન હોય છે. મૌન બોલકું હોય ત્યારે, મૌનનું મૂલ્ય ઘટે છે. મૌન ગંભીરતાથી મઢેલું હોય ત્યારે, શણગારાયેલું લાગે છે. **જે કહેવા માટે શબ્દ જ્યારે અશક્તિ દર્શાવે છે, ત્યારે તે કામ મૌન કરી આપે છે.** મૌનના બળાપા કરતાં, શબ્દનો બળાપો મોટો હોય છે.

હું ક્યાં બોલ્યો ? મૂંગો રહ્યો હોત તો સારું રહેત. એની યાદી વધુ લાંબી છે. મૂંગો રહ્યો એના કરતાં, બોલ્યો હોત તો સારું રહેત; તેવી ઘટના ઘણી-ઓછી બને છે. **શબ્દ બોલવામાં કળા જોઇએ, તો મૌન રહેવામાં વધુ કળા ન જોઇએ.**

ક્યાં બોલવું, ક્યારે બોલવું, કેટલું બોલવું, કેવી રીતે બોલવું, આ બધું પણ તેની પડતી અસરના વધારા ને ઘટાડામાં જવાબદાર ગણાય છે; જ્યારે મૌનમાં ઘણે ભાગે કળાને બહુ અવકાશ નથી.

આ ભાઈ ઓછા-બોલા છે. જરૂર પૂરતું બોલે છે. તેવાના બોલની પણ કિંમત હોય છે. આ ભાઈ બોલે નહીં, તે બોલ્યા; માટે તે જરૂરનું જ હશે.

**શબ્દ પણ મૌનથી જ વજનદાર બને છે.** મૌનને મૂલ્યવાન બનાવવા માટે શબ્દની જરૂરત નથી. મૌન સ્વયં શોભતું હોય છે; સ્વ-નિર્ભર હોય છે. મૌન શક્તિનો સંચય કરી આપનાર છે. **શબ્દ અને મૌન બન્ને પોતપોતાના સ્થાને મહાન છે. છતાં મૌન કેળવવું પડે છે, તેથી જ તેની મહાનતા સ્વયંસિદ્ધ ગણાય છે.** મૌનની શક્તિ સ્વતઃ સિદ્ધ છે. શબ્દની શક્તિ પર-સાપેક્ષ છે. **ભીતરની શક્તિના સંચય માટે મૌનની ઉપાસના કરીએ.**

આ શબ્દના મૌન પછીનું પગથિયું, વિચારના મૌનનું આવે છે. એક વિચાર અને બીજા વિચાર વચ્ચેનું અંતર વધે તો, ઓજસ પ્રગટે છે અને **અંતઃકરણમાં જ્યારે આ વિચારનું મૌન છવાય છે ત્યારે, પરમ તત્ત્વનું અવતરણ સહજ બને છે. આપણે પણ 'પરમ' માટે અવકાશ રચીએ.**

**- પરમ પૂજ્ય આચાર્યશ્રી પ્રદ્યુમ્નસૂરિજી મહારાજ**

**પાઠશાળા અંક ૨૮**

# વીતરાગ પ્રભુએ જેની નોંધ લીધી તે સિંહ અણગારનાં આંસુ

વિવિધતાથી ઉભરાતાં જૈન સાહિત્યમાં કથા સાહિત્યનો એક સમૃદ્ધ અને સ્વતંત્ર વર્ગ છે. જીવને ઘડે એવી ઘણી કથાઓ લખાઈ છે, રચાઈ છે, કહેવાઈ છે, જીવાઈ પણ છે. માત્ર આંસુની વાત આવે એવી ઘણી કથાઓ મળે છે. કેટલીક એવી કથાઓ આ પાનાંઓ પર કહેવાઈ. છેલ્લે ચંદનાજીનાં આંસુની વાત આવી.

આ વખતે થોડી જુદી તરાહની એક વાત લઈએ. પ્રભુને જોઈ ચંદનાને આંસુ આવેલાં, જ્યારે આ કથામાં સિંહ અણગારને આવેલાં - આવતાં આંસુ પ્રભુ પાસે આવતાં અટકી ગયાં. એ આંસુ પણ કેવાં ! અનરાધાર આંસુ, આંખ સૂઝી જાય એવાં આંસુ, આંખ ઊંડી ઊતરી જાય એવાં આંસુ. હીબકાંથી ઝાડ-પાન પણ ધ્રુજી જાય એવાં આંસુ. **ગુરુ-ધર્માચાર્ય અને તીર્થંકર પરમાત્મા પ્રત્યેના ગાઢ અનુરાગે જ આંસુરૂપે વહેવા માંડ્યું.** એ કાંઈ અશ્રુજળ જ ન હતાં. ભીનાશ હતી ખરી પણ એ તો ભક્તિની ભીનાશ હતી. રાગની આર્દ્રતા હતી.

સાધુ તો હર્ષ-શોકથી પર હોય - 'નવિ હરખે નવિ શોચે રે !' પણ, આ સાધુતા તો સાધુતાની હદથી પણ આગળ હતી. **બહારનું પોત સંસારના વૈરાગ્યનું હતું તો અંદરનું પોત પ્રભુ પ્રત્યેના રાગનું હતું.** જે ચીજ ભેગી ન બને - સંસાર પ્રત્યે રાગ હોય એટલો પ્રભુ પ્રત્યે અણગમો ગણાય એમ રોમ રોમ પ્રભુ પ્રત્યેનો રાગ હતો.

એવામાં એવું બન્યું. સિંહ અણગારના ધર્માચાર્ય શ્રમણ મહાવીર મહારાજા પાસે મંખલીપુત્ર ગોશાળો આવ્યો. વાદવિવાદ ચાલ્યો. અપમાનિત થવાથી ગોશાળો ક્રોધે ભરાયો.

**ગુસ્સો અને અભિમાન ભલભલા બાહોશ માણસને પણ બેહોશ બનાવે છે.**

મન ઉપર અહંકાર સવાર થઈ જાય તો એ જ મોટો અંધકાર છે.

**વિવેકનો દીવો બુઝાય એટલે 'આ કરવા લાયક છે અને આ કરવા લાયક નથી' એવી ભેદરેખા રહેતી નથી.**

ગોશાળાએ અકાર્ય કર્યું. તેજોલેશ્યા મૂકી. તેજોલેશ્યા શ્રમણ મહાવીર પ્રભુને પ્રદક્ષિણા દઈને ગોશાળામાં પેસી ગઈ, પણ પ્રભુના શરીરને સ્પર્શ થવાથી પ્રભુનો દેહ શ્યામ થઈ ગયો. શરીરમાં દાહ પ્રસરી ગયો. સુવર્ણસમું કાંતિમય શરીર વિવર્ણ બન્યું. સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા સંઘમાં એક ચિંતા પેઠી. બસ, હવે શ્રમણ મહાવીરનો દેહ ઝાઝો સમય નહીં ટકે. આટલો વિચાર માત્ર મનને શોકાકુળ બનાવી દેવા પૂરતો હતો - બસ, હવે પ્રભુ નિર્વાણ પામશે એ ખ્યાલથી હૃદય ઢીલું પડ્યું. આંખમાંથી અશ્રુ પ્રવાહ સતત વહેવા લાગ્યો.

આંખમાં આંસુ ઉભરાય,
હૈયામાં હેત ઉભરાય,
ગળે ડૂમો બાઝે,
ડૂસકાં ચાલુ રહે.

બીજાં બધા શ્રમણોનાં આંસુ તો એક પ્રહરે, બે પ્રહરે વિરમી ગયાં.
સિંહ અણગારનો તો પાતાળકૂવો ઉભરાયો.
પૂર્ણવિરામ તો નહીં, અલ્પવિરામ પણ ન આવે !

જેમ કાદંબરી-કથાના લાંબા લાંબા સમાસ-પ્રચૂર વાક્યો ચાલ્યા જ કરે તેમ અવિરત અશ્રુ-પ્રવાહ, ડૂસકાંના રિધમ(લય) સાથે ચાલે. આજુબાજુના સાધુ મહારાજના સ્વાધ્યાયમાં વિઘ્ન થવા લાગ્યું. તેથી પોતાના શોકને પ્રકાવવા માટે તેઓ સાધુ સમુદાયથી દૂર નીકળી જંગલમાં એક વૃક્ષ નીચે ઊભા ઊભા રડવા લાગ્યા.

માથું નીચું છે. બન્ને આંખોમાંથી આંસુ દદડીને ગાલ પર આવે, ત્યાંથી નીચે ટપકતાં રહે. કલાકો કલાકો સુધી આ ક્રમ ચાલે.

જે વૃક્ષ નીચે ઊભા હતા તેની નજીક જ ગામ તરફ જવા-આવવાની દાડાવાટ હતી. જતાં-આવતાં વટેમાર્ગુ આ મુનિરાજને આમ રડતાં જોઈ દુઃખી દુઃખી થઈ ગયા. પૂછ્યું : કોણ છે ? શા માટે આમ રડે છે ?

કોઈકે કહ્યું : એમના ધર્માચાર્ય અહીં છે, તેમના કારણે રડે છે.

વટેમાર્ગુ ધર્માચાર્ય પાસે પહોંચ્યા, કહ્યું : વનવાટ પાસે કોઈ એક સાધુ છે તેઓ ખૂબ રડે છે. જોનારને પણ દુઃખ થાય એવું એમનું રુદન છે. તેમનો કાળો કલ્પાંત અમારા હૃદયના તારને ધ્રુજાવે છે. શું કારણ છે ? તેમને શાંત ન કરી શકાય ?

ધર્માચાર્ય શ્રમણ મહાવીર મહારાજાએ સિંહ અણગારને બોલાવી મંગાવ્યા.
પ્રભુએ બોલાવ્યા એટલે તરત ગયા.
મસ્તક ઢળેલું છે.
આંખો બંધ છે.
હાથ જોડાયેલા છે.

કરુણા ઝરતી વાણીમાં પ્રભુ બોલ્યા :
'હે સિંહ ! શું ચિંતા કરે છે, હજુ સોળ વર્ષ સુધી હું જીવવાનો છું. તું હમણાં જ રેવતી શ્રાવિકાને ત્યાં જા, તેણે પોતાને માટે બનાવેલ કોળાપાક લઈ આવ. પ્રભુની આજ્ઞા શિરસા વંદ્ય કરીને સિંહ અણગાર ચાલ્યા, પહોંચ્યા રેવતી શ્રાવિકાને ઘેર. પ્રભુએ કહેલું તેમ તેણે શ્રાવિકાને કહ્યું. રેવતી શ્રાવિકાને આશ્ચર્ય થયું, પારાવાર આનંદ થયો. કોળાપાકની ભિક્ષા લઈને સિંહ અણગાર પ્રભુ પાસે આવ્યા. નમન કરીને પ્રભુને ગૌચરી બતાવી. પ્રભુ મહાવીર મહારાજાએ સિંહ અણગારના પાત્રામાંથી ગોચરી વાપરી. સિંહ અણગાર પોતાની જાતને ધન્ય-ધન્ય માનવા લાગ્યા. રડતી આંખમાં હર્ષના આંસુ ધસી આવ્યા. મોં હસું હસું થઈ રહ્યું.

પ્રભુએ આહાર લીધો. ગણતરીની પળોમાં દેહનો વર્ણ મૂળ હતો તેવો સુવર્ણવંતો બનવા લાગ્યો, બની ગયો. મૂળની કાંતિ પૂર્વવત્ બની ગઈ !

શ્રી સંઘમાં હર્ષની લહેર ફરી વળી.
દેવ-દેવી-સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા બધા હર્ષમાં આવી ગયા.
'મહાવીર હૃષ્ટ થયા. મહાવીર પુષ્ટ થયા', બધા બોલવા લાગ્યા.
સિંહ અણગાર સંતુષ્ટ થયા.

સિંહ અણગારે આંસુ વડે સિંચેલી પ્રભુ મહાવીરના દેહની અમરવેલ પાંગરી ઊઠી.
પ્રભુ મહાવીરનો જયજયકાર થયો.

સિંહ અણગાર ધન્ય થયા.
જૈન શ્રમણસંઘના ઇતિહાસમાં એક સોનેરી પૃષ્ઠ ઉમેરાયું.
એ આંસુ એવા ચિરંજીવ બન્યા કે જેની નોંધ વીતરાગને પણ લેવી પડી !
ધન્ય મુનિરાજ !

**- પરમ પૂજ્ય આચાર્યશ્રી પ્રદ્યુમ્નસૂરિજી મહારાજ**
**પાઠશાળા અંક ૨૧**